જે. એમ. પટેલ
ડાયરેકટર ઓફ પ્લાનીંગ

ફોન : (ઓ) ૭૪૨૦૫૪૪
મહાનગરપાલિકા,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં. ટીપીડી/ ૩૧૫૩/ડ
તા.૧૩-૦૨-૨૦૦૨

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, નવા સચિવાલય,
ગાંધીનગર.

વિષય:–મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૪૬ (જહાંગીરપુરા) નો ઈરાદો જાહેર કરવા બાબત.
સંદર્ભ:–ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૪૧(૨)

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૪૬ (જહાંગીરપુરા) તૈયાર કરવાનો ઈરાદો અત્રેની નગર નિયોજન સમિતિના તા. ૨૫-૦૧-૨૦૦૨ ના ઠરાવ નં. ૧/૨૦૦૨ થી જાહેર કરવામાં આવેલ.ત્યારબાદ મુખ્ય નગર નિયોજકશ્રીએ અત્રે તા.૨૮-૧-૨૦૦૨નાં રોજ ફેક્ષથી પત્ર મોકલી આ નગર રચના યોજના અંગે સુડાની પુનરાવર્તિત વિકાસ યોજના મંજુર થાય,ત્યારબાદ જ આ યોજના પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા બાબતે જણાવેલ, પરંતુ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટની કલમ ૪૧(૧) મુજબ આ નગર રચના તૈયાર કરવાનો ઈરાદો તા.૨૫-૧-૨૦૦૨નાં રોજ અત્રેની સક્ષમ સત્તા નગર નિયોજન સમીતીએ જાહેર કરેલ હોવાથી કાયદાની કલમ ૪૧(૨) મુજબ તેની પ્રસિધ્ધી કરી તેની જાણ દિન-૨૧ માં સરકારશ્રીને કરવાની હોય છે.જો તેમ ન થાય તો આ વિસ્તારમાં બીજા ત્રણ વર્ષ સુધી સ્કીમ બનાવી શકાતી નથી, જેથી આ બાબતનું ધ્યાન અત્રેથી મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર નં,ટીપીડી/૬૫૩૯ તા.૨-૨-૨૦૦૨ થી દોરવામાં આવેલ છે.જે ધ્યાને લેવા વિનંતી છે. વધુમાં આ યોજના અંગેનું મુખ્ય નગર નિયોજકશ્રીનું અનુમોદન તા.૨૮-૧૧-૨૦૦૧ નાં રોજ મળેલ હોઈ તેના આધારે જ નગર નિયોજન સમીતી ધ્વારા તા.૨૫-૧-૨૦૦૨નાં રોજ ઠરાવ નં.૧/૨૦૦૨થી ઈરાદો જાહેર કરવામાં આવેલ હોવાથી તે અંગેનું અધિસુચન અસાધારણ સરકારી રાજ્યપત્રમાં તા.૧૨-૦૨-૨૦૦૨ ના રોજ સેન્ટ્રલ સેકશન પાર્ટ-૨ , પાના નં. ૩ માં પ્રસિધ્ધ થયેલ છે. વધુમાં, સદર અધિસુચન સ્થાનિક દૈનિકપત્રો (૧) ગુજરાત સમાચાર તથા(૨) ધબકારમાં તા.૧૩-૦૨-૨૦૦૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિકપત્રોની એક એક નકલ તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની નકલ તથા ગેઝેટની નકલ આ સાથે સામેલ કરેલ છે. જે આપશ્રીની જાણ માટે.

આપનો વિશ્વાસુ,

(સહી)
(જે.એમ.પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ

બિડાણ:- ઉપર મુજબ

નકલ સા. રવાના :- મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજ્ય,બ્લોક નં.૧૪,બીજો માળ તથા ભોંયતળીયું
જુના સચિવાલય,
ગાંધીનગર તરફ જાણ સારૂ.